

## સે-૨માં ભારતીય યોગ સંસ્થાનના યોગ

ભારતીય યોગ સંસ્થાન આ વર્ષે સુવર્ણ જયંતિ ઉજવી રહ્યું છે. સેક્ટર-૨ના બગીચામાં તા. ૨૧મી જુન દ્વિતિય વિશ્વ યોગ દિવસે ભારતીય યોગ સંસ્થાન દ્વારા યોગ-પ્રાણાયામના કાર્યક્રમ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આસપાસના સેકટરના વસાહતીઓએ ભાગ લીધો હતો. યોગ સંસ્થાનના મુખ્યયોગ શિક્ષક ચંદ્રકાન્ત રાણાએ ઉપસ્થિત નગરજનોને યોગનું નિદર્શન આપ્યું હતું. તેમણે સહ શિક્ષક તરીકે ઉષાબેન પટેલ અને યોગ સંસ્થાનના ગાંધીનગર એકમના પ્રમુખ રમેશભાઈ ચૌહાણે સેવાઓ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્થળે દરરોજ સવારે નિયમિત પણે યોગ શિબિર ચલાવાય છે.

# મોંઘવારીની સામે રોડ ઉપર ઉતરવા માટે નાગરીકોને અપીલ

### પ્રજાને ભાજપનો ભય રાખવાની જરૂર નથી : અચ્છે દિન માટેના વચન પોકળ પુરવાર : રોજગારી જેવા પ્રશ્નોની સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૨

મોંઘવારી અને ભ્રષ્ટાચારના મુદ્દે સત્તા મેળનાર ભાજપ સરકારની યોગ મુદ્રાના કારણે આર્થિક ભીસમાં મુકાયેલા સામાન્ય માનવી આત્મહત્યા કરી રહ્યા છે ત્યારે પ્રજાને ભાજપનો કોઈ ભય રાખ્યા વિના મોંઘવારી સામે રોડ પર ઉતરી આવવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે હાંકલ કરી છે. કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, મોંઘવારી અને ભ્રષ્ટાચારના મુદ્દે સત્તા પર આવેલી ભાજપ સરકારે અચ્છે દિનના આપેલા વચન પોકળ પુરવાર થયા છે. આમ છતાં યોગમુદ્રામાં મુકાયેલી ભાજપની કેન્દ્ર અને રાજય સરકારે મોંઘવારી અને રોજગારી જેવા પ્રશ્નો સામે આંખ આડા કાન કરતાં સામાન્ય માનવીની હિંમત તૂટી ગઈ છે. પરિણામે રાજયના પાટનગર ગાંધીનગર સહિત સમગ્ર રાજયમાં મોંઘવારી, બેરોજગારી, અને શિક્ષણના બોજના કારણે આત્મહત્યા કરનાર ભાઈ-બહેનોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. અચ્છે દિનના વાયદા કરનારી ભાજપ સરકારની રહેમનજરના કારણે પેટ્રોલ-ડીઝલ, ગેસ, વીજળી વગેરેના ભાવો આસમાને અડી રહ્યા છે. જ્યારે શાકભાજી અને કઠોળના ભાવ ઐતિહાસિક સપાટીએ પહોંચ્યા હોવા છતાં આ નઠોર સરકાર યોગદિન જેવા ઉત્સવોની ઉજવણીમાં વ્યસ્ત રહે છે તે ખુબ જ શરમજનક છે. ભાજપ સરકાર દ્વારા વિકાસના બણગાં ફુંકવા સાથે આર્થિક વિકાસ દર ૭ થી ૮ ટકા રહેવાના પોકળા દાવા કરવામાં આવી રહ્યા છે. જે હાલની પરિસ્થિતિમાં ભ્રામક આંકડા હોવા સાથે વાસ્તવિકતા એ છે કે, ફુગાવાનો દર ૬ થી ૭ ટકાને સ્પર્શી રહ્યો છે. આમ છતાં ઉડતા પી એમને સામાન્ય નાગરિકની હાલાકીની કોઈ જ પડી નથી. મુખ્યમંત્રી આનંદીબેન પટેલનું સંગઠન તેમજ સરકારના અધિકારીઓમાં કંઈ જ ઉપજતું નહીં હોવાની પરિસ્થિતિના કારણે સંગ્રહાખોરો અને વચેટીયાઓને મોકળું મેદાન મળ્યું છે. સમગ્ર રાજયમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર વચ્ચે ભાજપ સરકાર કોઈને રોજગારી આપી શકતી નથી. ત્યારે ટૂંકી આવકમાં ઐતિહાસિક મોંઘવારી વચ્ચે લોકોને જીવનનિર્વાહ કરવું દોહ્યલું થઈ પડ્યું છે. આ સંજોગોમાં સામાન્ય માનવી આત્મહત્યા કરી રહ્યા હોવા છતાં સરકાર દ્વારા આસમાને ગયેલા શાકભાજી કે કઠોળના ભાવોને કાબુમાં લેવા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવતી નથી. આથી કોંગ્રેસ દ્વારા મોંઘવારી સામે કરનાર આંદોલનની સાથે સામાન્ય જનતા તેમજ તમામ સામાજિક સંસ્થાઓને પણ જાગૃત થઈ મોંઘવારીના મુદ્દે સરકાર સામે મોરચો માંડવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું છે.

# ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા)ને નેશનલ એક્સેલન્સ એવોર્ડઝ-૨૦૧૬

જે.ટી. અખાણી આઈએએસ મેનેજીંગ ડાયરેક્ટર (જેડા) ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી પિયુષ ગોયલ, રાજ્ય કક્ષાના પ્રધઆન (સ્વતંત્ર હવાલો) ઉર્જા, કોલસા અને રીન્યુએબલ એનર્જીના વરદ હસ્તે જે.ટી. અખાણી આઈએએસ મેનેજીંગ ડાયરેક્ટર (જેડા) ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીને એનાયત કરવામાં આવ્યો હતો.



એનર્જીના ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવ્યો હતો.

ભારત સરકારના ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી મંત્રાલય દ્વારા નવી દિલ્હી ખાતે તા. ૭મી જૂન, ૨૦૧૬ના રોજ વિજ્ઞાન ભવન ખાતે આયોજિત રૂફ ટોપ સોલર પાવર અંગેની નેશનલ વર્કશોપમાં ગુજરાતને નીચે દર્શાવ્યા મુજબના ત્રણ નેશનલ એક્સેલન્સ એવોર્ડઝ-૨૦૧૬ પિયુષ ગોયલ, રાજ્ય કક્ષાના પ્રધાન (સ્વતંત્ર હવાલો), ઉર્જા, કોલસા અને રીન્યુએબલ

રાજ્ય નોડલ એજન્સી માટેનો રૂફ ટોપ સોલર પાવર પ્રોજેક્ટસનો નેશનલ એક્સેલન્સ એવોર્ડ સામાન્ય કેટેગરીના રાજ્યોમાં ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા (જેડા)ને.

સોલર/સ્માર્ટ સીટીઝ વર્ગમાં રૂફ ટોફ સોલર પાવર પ્રોજેક્ટસનો નેશનલ એક્સેલન્સ એવોર્ડ-૨૦૧૬ ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા તથા ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને.

રૂફ ટોપ સોલાર પાવર પ્રોજેક્ટસનો સામાન્ય કેટેગરીના રાજ્યો માટેનો નેશનલ એક્સલેલન્સ એવોર્ડ-૨૦૧૬ ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી તથા ગુજરાત ઉર્જા સંશોધન અને વ્યવસ્થાપન સંસ્થાને.

ગુજરાતમાં રાજ્યમાં ગ્રીડ સાથે જોડાયેલી સોલર રૂફ ટોપ સીસ્ટમને પ્રોત્સાહન માટે ગુજરાત રાજ્યમાં, સોલર સીટી, ગાંધીનગર-સુરત અને રાજકોટ સહિત થયેલા પ્રશંસાપાત્ર કાર્ય માટે આ એવોર્ડઝ એનાયત કરાયા છે.

ગુજરાત રાજ્યમાં સોલર રૂફ ટોપ ઈન્સ્ટોલેશન્સની કુલ સ્થાપિત ક્ષમતા ૨૪.૩૪ મેગા વોટની છે, જેમાં સોલર સીટી, ગાંધીનગર ખાતેના ૭.૪૧૫ મેગા વોટનો સમાવેશ થાય છે.

ગ્રીડ સાથે જોટાયેલા સોલર રૂફ ટોપ ઈન્સ્ટોલેશન્સમાં કુલ ૩૦૦થી વધુ કચેરીઓ/સરકારી ભવનોમાં સચિવાલયના મકાનો, કલેક્ટર કચેરીઓ, મામલતદાર કચેરીઓ, ટીડીઓ કચેરીઓ, આરટીઓ કચેરીઓ, પોલીસ સ્ટેશન્સ, એન્જિનિયરીંગ અને મેડિકલ કોલેજો, હોસ્પિટલ્સ તથા ખાનગી આવાસોનો સમાવેશ થાય છે.

## ઐતિહાસિક સિદ્ધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉમેરાઈ જતા વિશ્વમાં તેની નોંધ લેવામાં આવી હતી.

શ્રીહરિકોટાથી સવારે રેકોર્ડ ૨૦ ઉપગ્રહોને એક સાથે લોંચ કરવામાં આવ્યા હતા. આના માટેનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયા બાદ તમામ પરિબળો યોગ્યરીતે કામ કરી રહ્યા હતા. આમા પૃથ્વી સંબંધિત સૂચનાઓ એકત્રિત કરનાર ભારતના નવા ઉપગ્રહોનો સમાવેશ થાય છે. એલએબી દ્વારા અભિયાનને મંજુરી આપી દેવામાં આવ્યા બાદ તેનું કાઉન્ટડાઉન શરૂ કરવામાં આવ્યું હતું. દુનિયા માટે ઈસરો હવે સસ્તા વિકલ્પ તરીકે છે. હજુ સુધીના સૌથી મોટા લોંચ તરીકે આને ગણવામાં આવી રહ્યુ હતુ. એક સાથે ૨૦ ઉપગ્રહો એક જ રોકેટથી લોંચ કરવામાં આવ્યા હતા. આંધ્રપ્રદેશમાં શ્રીહરિકોટા ખાતેના સતિષ ધવન સ્પેસ સેન્ટરથી તમામ ઉપગ્રહ છોડવામાં આવ્યા હતા. ઈસરોએ એક પછી એક સિદ્ધિઓ હાંસલ કરવાની તૈયારી કરી હતી. સોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલ (પીએસએલવી-સી૩૪)નો ઉપયોગ આ સેટેલાઈટ લોંચ કરવા માટે કરવામાં આવ્યો હતો. ભારતના કાર્ટોસેટ-૨ ઉપગ્રહ પણ લોંચ કરવામાં આવતા વધારે ખુશી રહી હતી. સતિષ ધવન સ્પેસ સેન્ટર ખાતે હાલમાં જોરદાર તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી હતી. પીએસએલવી-સી૩૪ ૧૯ કો પેસેન્જર સેટેલાઈટને લોંચ કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૮માં એક જ મિશનમાં ભારતે ૧૦ સેટેલાઈટનો એક સાથે પરિભ્રમણ કક્ષામાં મુકીને ઈતિહાસ સર્જ્યો હતો. ઈસરોને આના કારણે જંગી આવક થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ઉપગ્રહ લોંચ કરવાને લઈને ભારત મોટા કારોબારની દિશામાં છે. ઈસરોએ આના માટે વિશ્વના દેશોને આમંત્રણ આપ્યું છે. ૨૦ સેટેલાઈટનું કુલ વજન ૧૨૮૮ કિલોગ્રામ રહ્યું હતું. કાર્ટોસેટ-૨ સિરિઝ અગાઉની કાર્ટોસેટ-૨, કાર્ટોસેટ-૨એ અને ૨બીની જેમ છે. કાર્ટોસેટ-૨ સિરિઝની સાથે અન્ય જે સેટેલાઈટ લોંચ કરવામાં આવ્યા છે તેમાં અમેરિકા, કેનેડા, જર્મની, ઈન્ડોનેશિયાની સાથે સાથે ભારતીય યુનિવર્સિટીના બે ઉપગ્રહો છે.

# કોંગ્રેસ મુક્તના અભિયાનને ગુજરાત આગળ ધપાવશે

### મહેસાણામાં બે દિવસીય ભાજપની કારોબારીની બેઠકને પ્રદેશ પ્રમુખ રૂપાણી અને સંગઠનમંત્રી સતિષનું સંબોધન

અમદાવાદ, તા.૨૨

ભારતીય જનતા પાર્ટીની મહેસાણા ખાતે આજથી શરૂ થયેલી બે દિવસ પ્રદેશ કારોબારી બેઠકના ભારે સરાહના કરી હતી. આ ઉપરાંત ભાજપના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીએ કોંગ્રેસ મુક્ત ભારતના અભિયાનને આગળ વધારવા તેમજ સંબોધન કરતા જણાવ્યું હતું કે, આવતીકાલે બલિદાન દિવસ છે. શ્યામાપ્રસાદ મુખરજીના સિંદ્ધાતોને યાદ કરવા તથા આગળ ધપાવવાનો અપાશે. તેમજ કાર્યકરોને ચૂંટણી જીતવા સુસજ્જ બનાવાશે.

તેમણે વધુ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં દસ ટકા આધિક કેન્દ્રીય સંગઠન મંત્રી વિ સતીષે ભાજપના આગેવાનો તથા કાર્યકરોને આદર્શના આધાર પર મુલ્ય આધારિત રાજનીતી કરવાની





પ્રથમ દિવસે આજે કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકાર તેમજ ગુજરાતમાં આનંદીબેન પટેલના નેતૃત્વવાળી રાજય સરકારની ઉમદા તથા પારદર્શીય કામગીરીના ભારોભાર વખાણ કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં પરંતુ કારોબારીના તમામ સભ્યોએ સ્ટેન્ડિંગ ઓવેશન આપી આનંદીબેન સરકારની કામગીરીની આપણું ગુજરાત ગૌરવશાળી ગુજરાત બને તેવી પ્રણાલી વિકસાવવા તમામ હોદ્દેદારોને અપીલ કરી હતી. પ્રદેશ કારોબારની બેઠકમાં હાજર રહેલા તમામ સભ્યો સ્થાનિક કાર્યકરોના ઘરે રાત્રી નિવાસ કરશે.

ભાજપના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીએ કારોબારીને આ દિવસ છે. મહેસાણા જિલ્લો શ્વેતક્રાંતિનો જિલ્લો છે. ભાજપના ઉદેય તથા વિકાસમાં મહેસાણા જિલ્લાના નોંધનીય ફાળો કર્યો છે. રાષ્ટ્રીય કારોબારીના અઠવાડિયા બાદ પ્રદેશ કારોબારીનું આયોજન કરાશે. જેમાં અગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી અનેક વ્યુહ રચનાને ઓપ અનામતનો ઐતિહાસિક નિર્ણય કરી મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતના યુવાનોને થતો અન્યાય દુર કરવાનો સરાહનીય પ્રયાસ કર્યો છે. એટલું જ નહીં પરંતુ કાળઝાળ ગરમીમાં પાણી વિતરણની સુધડ વ્યવસ્થા કરી ગુજરાતમાં ક્યાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉભી થઈ નથી. જયારે ભાજપના સલાહ આપી હતી અને સમાજમાં જરૂરી પરિવર્તન માટે લાબાગાળા આયોજન ઉપર ભાગ મુક્યો હતો. આ ઉપરાંત તેમણે પાર્ટી વ્યાપ વધારવાની સાથે લોકોને પણ જવાબદારી સોંપવાનું સુચન કર્યું હતું અને ભાજપના કાર્યકરોને પક્ષના સિધ્ધાંતને વળગી રહી કાર્ય કરવાનું આહવાન કર્યું હતું.



## એબીવીપી દ્વારા વિદ્યાર્થિની દુસ્કર્મ મામલે કલેકટરને આવેદનપત્ર

વડોદરા નજીક વાઘોડિયા ખાતે આવેલી પારૂલ યુનિવર્સિટીની નર્સિંગમાં ભણતી વિદ્યાથીની પર દુષ્કર્મ કરવાના કેસમાં સંડોવાયેલા અને છેલ્લા ૪ દિવસથી ફરાર ડૉ. જયેશ પટેલે આજે મોડી રાત્રે આણંદ જિલ્લાના આસોદર ખાતેથી નાકાબંધી દરમિયાન તેની ધરપકડ કરાઈ છે. પારુલ યુનિવસીટી ના પ્રમુખ ડો જયેશ પટેલ દ્વારા નસીંગ ના બીજા વર્ષમાં અભ્યાસ કરતી વિધાર્થીનીની સાથે કરાયેલા દુષ્કર્મના પડઘા આજે બનાસકાંઠામાં પણ પડયા છે. આજે બનાસકાંઠા જિલ્લાના અખિલ ભારતીય વિધાર્થી પરિષદ દ્વારા જિલ્લા મથક પાલનપુર ખાતે નાયબ નિવાસી જિલ્લા કલેકટરને આવેદન પાત્ર આપી જયેશ પટેલ સામે ઠોસ પગલાં ભરવા માંગ કરી હતી. ગુજરાતમાં બનેલી આવી ઘટનાને પગલે ભવિષ્યમાં ફરીથી ન બને તેમજ વિદ્યાર્થી તેમજ શિક્ષણ જગત માટે કલંકરૂપ ઘટનાને સખત શબ્દોમાં વખોડી આરોપી જયેશ પટેલને કડક સજા કરવા માંગ કરી છે.

## બદલીના હુકમો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

| | | |
|---|---|---|
| રુપવંત સિંઘ | અધિક સચિવ નાણા વિભાગ (બજેટ), ગાંધીનગર | કમિશનર જીઓલોજી એન્ડ માઈનીંગ, ગાંધીનગર |
| એમ થેનારસન | કમિશનર, જીઓલોજી એન્ડ માઈનીંગ, ગાંધીનગર | કમિશનર, મહિલા બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર |
| એમ આર કોઠારી | ડીડીઓ, રાજકોટ | મ્યુનિસિપલ કમિશનર, ભાવનગર |
| વી પી પટેલ | કમિશનર, જમીન સુધારણા વિભાગ, ગાંધીનગર | સચિવ, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર |
| અંજુ શર્મા | મુખ્ય વહીવટી અધિકારી ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓર્થોરીટી | અગ્ર સચિવ કૃષિ અને સહકાર વિભાગ |
| ડી પી જોષી | સચિવ, જીપીએસસી, અમદાવાદ | સ્પેશ્યલ કમિશનર નિર્મળ ભારત અભિયાન, ગાંધીનગર |
| મનિષ ભારદ્વાજ | સચિવ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ, ગાંધીનગર | રાહત કમિશનર, ગાંધીનગર |
| જી ટી પંડ્યા | એડીશનલ કલેકટર, છોટા ઉદેપુર | ડીડીઓ, રાજકોટ |
| આર એમ જાદવ | સ્પેશ્યલ કમિશનર નિર્મળ ભારત અભિયાન, ગાંધીનગર | ટ્રાન્સપોર્ટ કમિશનર, ગાંધીનગર |
| ડૉ.વિનોદ રાવ | કમિશનર નેશનલ રૂરલ હેલ્થ કમિશન, ગાંધીનગર | મ્યુનિસિપલ કમિશનર, વડોદરા |
| મનિષા ચંદ્રા | ડાયરેક્ટર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર | વધારાનો હવાલો, ડાયરેક્ટર નેશનલ રોલર હેલ્થ મિશન, ગાંધીનગર |

## મોનસુનની એન્ટ્રી

● અનુસંધાન પહેલાનું ચાલુ

દરમિયાન રાહતની સાથે સાથે ઉત્તર પ્રદેશ અને બિહાર તથા ઝારખંડમાં વરસાદના કારણે આફત પણ આવી છે. ઉત્તર પ્રદેશમાં વિજળી પડવાના જુદા જુદા બનાવોમાં ૪૩ લોકોના મોત થયા છે જ્યારે બિહારમાં વિજળી પડવાના જુદા જુદા બનાવોમાં ૫૫ના મોત થયા છે. એકંદરે ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડમાં વિજળી બનાવમાં ૧૦૪થી વધુ લોકોના મોત થયા છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદ માટે એલર્ટની જાહેરાત કરવામાં આવ્યા બાદ આગામી ૨૪ કલાકમાં જોરદાર વરસાદ થઈ શકે છે. પિથોરાગઢ, નૈનિતાલ, પૌડી, હરિદ્વાર અને દેહરાદુનમાં જોરદાર વરસાદ થઈ શકે છે. માનસુનના કારણે તાપમાનમાં ભારે ઘટાડો થયો છે. મોનસુનની એન્ટ્રી થતાની સાથે જ ભારે વરસાદની શરૂઆત થઈ ગઈ છે. ભારે વરસાદ મંગળવારના દિવસે થયા બાદ ચમોલી ખાતે ૧૮ માર્ગો બંધ કરી દેવામાં આવ્યા હતા. કેટલાક ગામો સંપર્ક વિહોણા થઈ ગયા હતા. બીજી બાજૂ રાહત લાવનાર વરસાદના કારણે શરૂઆતમાં ખુવારી થઈ છે. ઉત્તરપ્રદેશ, બિહાર અને ઝારખંડમાં વિજળી પડવાના જુદા જુદા બનાવોમાં ૯૬ લોકોના મોત થયા છે.

યુપીમાં વીજળી પડવાથી ૪૩ લોકોના મોત થયા છે. પૂર્વાંચલમાં જુદા જુદા જિલ્લામાં વીજળી પડવાથી ૩૦ લોકોના મોત થઈ ગયા છે. બલિયામાં સૌથી વધારે આઠ લોકોના મોત થયા છે. બીજી બાજુ આજે સતત ત્રીજા દિવસે વરસાદ જારી રહ્યો હતો.

## જાહેર નિવિદા

માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી - સફાઈકામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો / ટપાલો જે તે કચેરી / શાખાઓમાં લાવવા લઈ જવાની એવી સર્વ આનુષાંગિક સેવાઓ માટે ૨૩ (ત્રેવીસ) સેવકોની સેવાઓ પુરી પાડવા માટે આઉટસોર્સ એજન્સીની પસંદગી કરવા માટે ઈ-ટેન્ડર ઓનલાઈન ભરવા આમંત્રિત કરે છે. ટેન્ડરની વિગતવાર માહિતી www.nprocure.com પર અપલોડ કરવામાં આવી છે. ટેન્ડર ઓનલાઈન તેમજ ફીઝીકલ સ્વરૂપે જમા કરવાની છેલ્લી તારીખ ૧૪/૭/૨૦૧૬ સમય ૧૬-૦૦ કલાક સુધી છે. આ નિવિદા www.statetenders.com ઉપર પણ જોઈ શકશો.

માહિતી/૭૭૩/૧૬-૧૭ માહિતી નિયામક

# મેઘરજના સારંગપુર ગામની યુવતીને ભગાડી જનાર આરોપી પકડાયો

મેઘરજ, તા. ૨૨

મેઘરજ તાલુકાના સારંગપુર ગામની સગીરા આજથી આશરે પાંચ મહિના અગાઉ સગીરાને ભગાડી અપહરણ કરી ભાગી છુટ્યો હતો. ગત રોજ સીપીઆઈ ઝાલા અને પાટણની સ્થાનીક પોલીસની મદદથી સંયુક્ત ઓપરેશન હાથ ધરી છાપો મારતા પાટણ તાલુકાના કુણગેર ગામેથી આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો. સગીરાને લલચાવી ફોસલાવીને સ્કૂલ જતી હતી તે દરમ્યાન ત્યાંથી આરોપી તેને ઉપાડી ગયો હતો અને ત્યાર બાદ તે અજ્ઞાત સ્થળે લઈ ગયો હતો. યુવતીના પરીવારજનોએ મેઘરજ પોલીસે યુવતીના અપહરણ થયાનો ગુન્હો નોંધાયો હતો. અને પોલીસે તપાસ હાથ ધરી છે. અને તપાસ અધિકારી ઝાલાએ પાટણ પોલીસના સાથ સહકારથી સંયુક્ત રેડ કરી હતી. તે દરમ્યાન કુણગેલ ગામેથી આરોપીને સગીરા સાથે લઈ મેઘરજ પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યા હતા અને કસ્ટડીમાં લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ચક્ષુદાન - મહાદાન

સિનિયર સિટીઝન કાઉન્સીલ ગાંધીનગરના પ્રમુખ ભાનુપ્રસાદ એચ. પુરાણીના ધર્મ પત્ની રમાબેન પુરાણીનું તાજેતરમાં આકસ્મિક નિધન થવા પામ્યું છે. સિ.સિ.કા.ના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ પોતાના પરિવારના સભ્યો સાથે પરામર્શ બાદ સદગતના ચક્ષુદાન અંગે સંમતિ દર્શાવી હતી. સ્વ.રમાબેન પુરાણીના ચક્ષુદાનમાં તબિબિ સેવા ડો. નિરવ અને ડો. નિશાન્તે પુરી પાડી હતી. જયારે જુ.સી.કા.ના સભ્યોના સાથ અને સહકારથી અમદાવાદ ખાતે આવેલ ચક્ષુબેંક ખાતે ચક્ષુ પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. તેમ સિ.સિ.કા.ના મંત્રી જી.એલ.શાહે જણાવ્યું હતું.

## પોરા મળ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભોંયરામાં ભરાઈ રહેલા પાણીમાં અસંખ્ય પોરા મળી આવતાં તંત્રની ટીમ ચોંકી ઉઠી હતી.

ગાંધીનગર શહેરમાંથી અત્યાર સુધી મળેલા પોરા કરતાં અનેકગણી સંખ્યામાં આ સાઈટો પરથી પોરા મળી આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ આજે આ કન્સ્ટ્રકશન સાઈટની કરેલી તપાસ દરમ્યાન દરેક જગ્યાએ ૧૦ કરતાં વધુ મજૂરો કામ કરતા જણાયા હતા તેમજ અહિ સૌથી વધુ પોરા મળી આવ્યા હતા.

આથી તંત્રએ મજૂરોનું લીસ્ટ નહિ રાખવા બાબતે, મજૂરો માટે ટોયલેટની અલગ વ્યવસ્થા ન હોવાને લઈ તેમજ પોરાનાશક કામગીરીની વ્યવસ્થાનો અભાવ સહિતના મુદ્દાઓને લઈ નોટીસ ફટકારી છે.

આ ઉપરાંત મજૂરોને ચોખ્ખુ પીવાલાયક પાણી મળી રહે તેની વ્યવસ્થા કરવા પણ કડક તાકીદ કરી છે.

તંત્રની ટીમે આજે ત્યાં તાબડતોબ પોરાનાશક કામગીરી કરી હતી તેમજ હવે પછી જો ત્યાં સાઈટો પર પોરા કે મચ્છરોની ઉત્પત્તિ જણાશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ નોટીસમાં પણ જણાવ્યું છે. એટલું જ નહિ મૌખિક કડક સૂચનાઓ પણ આપી હતી.

ગાંધીનગર શહેર ડેન્ગ્યુ માટેના સંવેદનશીલ વિસ્તારોમાં સમાવિષ્ટ થયેલ હોવાથી તંત્રએ હાથ ધરેલ પ્રિ.મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે અત્યાર સુધીમાં ૧૭૦થી વધુ સ્થાનોએથી એડીસના પોરા પકડી પાડી અને પોરાનાશક કામગીરી તેમજ એન્ટી લારવેલની કામગીરી કરેલ છે.

## જાહેર નિવેદન

આ સાથે જાહેર જનતાને વિદિત કરવામાં આવે છે કે, 'સ્ટેટ લેવલ એન્વાયરોન્મેન્ટલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી' પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ દ્વારા તેઓના પત્રક્રમાંક SEIAA/GUJ/EC/8(a)/51/2015 તારીખ : ૩/૨/૨૦૧૫ દ્વારા પ્રસ્તાવિત રહેણાંક બાંધકામની યોજના - 'રહેણાંક એપાર્ટમેન્ટ' કે જે સર્વે નં. ૪૦૬/૨/૧, ૩૯૮/૧, ૩૯૨, ૧૮૪, ઓપી/એફપી નં. ૯૫, ૧૦૪, ૧૨૮/૧, ૫૬, ટીપીએસ નં. ૦૭, ગામ : સરગાસણ, જિલ્લા : ગાંધીનગર ખાતે મેસર્સ સિદ્ધરાજ ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડને S.O. 1533, EIA નોટીફિકેશન ૨૦૦૬ના જાહેરનામા મુજબ એન્વાયરોન્મેન્ટલ ક્લીયરન્સ માટે અનુમતિ આપવામાં આવેલ છે. ઉપરોક્ત અનુમતિની નકલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીમાં ઉપલબ્ધ છે અને સદર અનુમતિને SEIAA/SEAC/GPCBની વેબસાઈટ પર પણ મુકવામાં આવેલ છે.

સહી/-
શ્રી ચૈતન્ય પટેલ - ડિરેક્ટર
સિદ્ધરાજ ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ
ઓફિસ નં. ૨૦૧, સિદ્ધરાજ ઝેવોડ,
સરગાસણ ચાર રસ્તાની નજીક, એસ.જી. હાઈવે, ગાંધીનગર